જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૯/૦૫/૨૦૨૩  સોમવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૫૯/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૬૪ લીટર દેશી દારૂ, ૮૭૨ ઈંગ્લીશ દારૂ, ૪૩૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૧૫ બીયરટીન, ૦૧ સ્કુટર અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૯ કેસ કરી ૩૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬,૮૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૮૬૦/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૮૬૧/૨૦૨૩

**મણીનગરઃ** આશીષભાઇ સુરેશભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૩)(રહે.ન્યુ કમલેશ સોસાયટી પ્રજાપતિ સોસાયટીની બાજુમાં ઓઢવ) એ તા.૨૮/૦૫/૨૦૨૩ ના રોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૫/૨૦૨૩ થી તા.૨૬/૦૫/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન એસ.એચ.હોલીડે ટુર એન્ડ ટ્રાવેલ્સના માલીક આરોપી હેમાંગભાઇ રાજેન્દ્રકુમાર પંચાલ (રહે.મહાલક્ષ્મી-૨ સેલ્સ ઇન્ડીયા સામે મણીનગર ચાર રસ્તા, મણીનગર) એ આશીષભાઇ પ્રજાપતિના પરીવારના સભ્યોને રામેશ્વરમ(તમીલનાડુ) ટુરમાં મોકલવાના બહાને આશીષભાઇ પાસેથી રોકડ રૂપિયા ૫,૧૦,૦૦૦/- મેળવી લઈ, તેમના પરીવારને બેંગ્લોર થી મૈસુર ખાતે લઈ જઈ ત્યાંથી આગળ રામેશ્વરમ ખાતે નહી લઈ જઇ, તેમજ પોતાનો મોબાઇલ ફોન સ્વિચઓફ કરી દઇ, આશીષભાઇનું પેમેન્ટ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.વાઘેલા ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૮૬૨/૨૦૨૩**

**ઓઢવઃ** પ્રકાશભાઇ હસમુખભાઇ શ્રીગૌડ (ઉ.વ.૩૬)(રહે.સુરજબાગ સોસાયટી આદિનાથનગર ઓઢવ) એ તા.૨૮/૦૫/૨૦૨૩ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૦૫/૨૦૨૩ રાતના ૧૧/૦૦ થી તા.૨૩/૦૫/૨૦૨૩ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિંમત રૂપિયા ૧,૦૬,૦૦૦/- મતાની ચોરી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.હરકટ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી